# भर्तृहरी नाटकनां गायनो.

કેટલાએક વધારા તથા સુધારા સાથે.

બીજી આવૃત્તિ.





મુંબાઈ:
સુબોધપ્રકાશ પ્રેસમાં છાપ્યાં.

સને ૧૮૯૦

કીમ્મત દોઢ આનો.

# भर्तृहरी नाटकानां गायनो.

## ઇશ્વર સ્તુતિ.

### રાગ કલ્યાણ.

સુમતિ ભરો, વિઘ્ન સૌ હરો, કીધું કૃત્ય ભર્તમુનિ, સાહાયના કરો
નીતિ રહે અનીતિ ટળી વળી, શુર થકી ભરપુર;
ક્ષત્રિ બાલકો સમજી ધર્મો, રે અભિમાને ચુર—સુમતિ.
સુખ થકીને સંગ થકી જ્યાં, સદા વસેજ બચાવ;
વિવેક સદ્વિચારમાં, રે રૈયતને રાય— સુમતિ.
વેશમાં ભજવીએ, જે રંકને નરેશ;
દોષ કરી દુર હોંશ ધરીને, ટાળોને નિજ કલેશ—સુમતિ.

### રાગ બરવાનો જીલ્લો.

આજ ચાલો ખેલ ભાળો ભર્તૃહરી રાજનો.
બનાવીએ સ્વભાવ અમેરે એ મહારાજનો—ટેક.
દુરગુણીની રીતીને કપટીનાં કાજનો,
પીંગળા પોગળ દેખો વ્યભિચારી સાજનો—આજ.
અવિચારી કૃત્ય કરી બદલો લ્યો દાજનો,
વીચારો પહેલેથી આને છેડો નહી લાજનો—આજ.

નટી— માધુબન સ્યામ— એ રાહ.

નારી સારી ચીજ વિચારી પ્રભુએ કીધીરે.
પુરૂષને અમુલ્ય એ ભેટ પ્રેમે દીધીરે—ટેક.

અતી સુશોભીત લલાટ જેનું શશી,
ધન્યતે પુરૂષને જેણે એ લાભ લીધોરે—નારી.
સંગતમાં ચડી કુસંગે જો નારી,
તો નહી સ્વામીને તે રહે વાટ સીધીરે—નારી.
ધન્ય તે પુરૂષને હું કહું ખરેખર માનો,
નારી સુવિચારી પતિવ્રતાએ પ્રસિદ્ધિરે—નારી.

રૂષીઓ:—નાથ કેસે ગજકો બંધ છોડાગો—એ રાહ.
આરતી તારી ગાઇયે, અખીલેશ્વર આરતી તારી ગાઇયે.
તુજ મહીમાનો પાર ન પામે, મુનીવર મોટા મોરારી;
રટણ તારૂં શુદ્ધ મનથી કરીએ ભવસાગર નહી ભારી—૧
અકળ કળા તુજ કળી ન શકાએ ગણુતર મેળવી સારી,
નારદ તુંબરુ પાર ન પામ્યા માણુસ કોણ બીચારી—૨
વિવિધ પ્રકારે ખેલ રચ્યો તેં સેવકને સરદારી,
તારણ મારણ હાથ છે તારે, શું વદીએ એ ઉચારી—૩

પીંગળા—( કેટલુંક ભાષણ થયા પછી દાસીને કહે છે )

ગજલ.

( ઇન્દ્રસભામાં ગવાતી ઢબની. )

સ્ત્રી ચરિત્ર પાસ પુરૂષ દાસ છે ખરે,
હાવ ભાવને કટાક્ષ જોઇ તે મરે;
મંદ હાસ્ય મંદ ગતી મંદ નેત્ર બાણ,
આટલું બસ છે તેઓનો વાળવાને ઘાણ;
બાહાદુર પહેલવાન કરે લડત વિષ શુર,
એક બાણ નેત્રનું કરે તેનેજ સુર.

## આર્યા.

હે દાસી સુણુ શાણી નૃપ જ્યારે અહીં આવે મુજ પાસે.
કપટી વાહાલ કરીને પવિત્ર છું એમ રાખુ વિશ્વાસે.

દાસી— (કેટલુક ભાષણુ સામસામુ થયા પછી)

### ગજલ.

(ઊપરની હબ.)

વખાણુ શું ? કરૂં તમારા આ જીભે ન થાય.
બાગ આ ખીલ્યો વસન્તે વેલનો જણાય,
કંચનની કાય બાહ નેત્ર મૃગ સમાન,
લલાટ છે શશિ સમાન મુખ જાણે ભાણુ;
નથી નથી નથી રે તું સમાન કો નથી,
રૂપમા ભલે કહે કો કામની રતી;
ચાલ તાલ સાથ વાહાલ ખ્યાલમાં રમો,
નૃપતીનાંજ ધન્ય ભાગ્ય જ્યા તમો ભમો.

પીંગલા— ચાલ (શીદ અકળાયે બેની.)

વસો પાસ પ્રાણાધાર, પાસ પ્રાણાધાર,
હું છું તમારી દાસી વસો ખાસ પ્રાણાધાર;
જાઓ છો જે વાર તજી, અહીં મુને સરદાર,
ખાન પાન સર્વ મુને લાગે છે અકાર.
આતું સાથ પુરૂષના વેશથી સરકાર,
પણ એ રીત વિરૂદ્ધ સમ–જો વાલા ભરથાર;
એકમાં જો એક મલી જાતું હોય આધાર,
તો મલી જાઉ પણુ સ્વામિ તેથી એ લાચાર;

ચંદ્રને ચકોર દીપ પતંગ સાથે પ્યાર,
મોરને ઘન તેમ તમથી છે મને દીલદાર;
હવે જો મારાથી રેશો દુર તો નીરધાર,
પ્રાણ મારા તજતાં વાલા નહી લગાડું વાર.

સારંગ.

ત્યાગિ ઘરનાં ભોગ વીલાસ જલત બદન તબ કરત જુદાઇ
લાઇ અન ધન તન દુખદાઈ—ટેક.
છાંડ સભામે જબ જાતે તો, તડપ નડપ જીયા જાત હમારે,
જાનો ચતુર સુજન પીયારે (૨) નીસદીન પલછીન ન મંએ હોત ઉદાસ.

ભર્તૃહરી—રાગ—સીહાનો—કાહાન્ડો.

જુદાઇ નથી તું સગજ માણુ પ્યારી, તુજને જોયાથી માનું સુખભારી
વદન સુશોભીત લલીત આ તારં, અતી સુખકારક છે મનેનારી;
વક્રકટાક્ષે વળી મંદહાસ્યે, શરણુ રહ્યો છું સદા વશ તારી,
ત્રણુસો સાઠ કરી દુર રાણી, તોપણ એમ કહે કાં વિચારી—
ભર્તૃહરી— ( સ્વગત )

રાગ બરવા—ઠુમરી.

ફાંજનમ્યો જગમાં નર નાહક, કામ શૃંગારન સ્નેહ પીધો તે,
મૃગનેણીને ચુમન લીધુ ન હેતે, જીવિત ફેરો વ્યર્થ કીધો તે,
સાથ ભમ્યો નરમ્યો સ્ત્રીસંગે, પુરૂષ જનમ નહી લાવો લીધો તેં.

રાગ ઝીંઝોટી.

સમાગમ સબસે અલગ હુએ પ્રીયાકા.
જીમ રતિસંગે આનંદ અંગે, સુખ યે બોહોત જીયાકા,
સરસ છરસ સબયંહી સમાએ, ભોગયે સુખ પીયાકા.

## શીખરણી વૃત.

રમુજી આનંદી, સરસ સ્વભાવે સંગજ રહે,
ભરેલી મદમાતી સ્તનપર સઘળે ચંદન કરે
ખરે એવી નારી નૃપત્તી ઘરને શોભીત કરે
વિનોદે આનંદે, નૃપતિ મનને શાંન્તજ કરે

પીંગલા— (દાસી પ્રત્યે) ગજલ.

ઇન્દ્ર સભામાં ગવાતી ઢબની.

લાવ અશ્વ પાળ એની જા હવે આવાર,
આવ પાછી જલ્દ થયો કામનો વિકાર;
એ થકી આનંદ પામે મન આ નિરધાર,
પ્રાણુ પ્યારો એ છે મારો ખરે જીવન હાર.

દાસી—જાતનો છે તરક એ ઘટે નહી સરદાર,
પવિત્ર સ્વામિ આપનો છે તેપર રાખો પ્યાર;
નીચનીજ યારીમાં—ન સાર છે લગાર,
જ્ઞાનિ બાઇ આપ છો તે સમજો સહુસાર.

પીંગલા—ધર્મ તારો ચુકમાં તું કરી જો વિચાર,
જાન આ કુરબાન એવા અશ્વપાળ યાર;
અન્ય વાતે સુખ પુર્ણ કામનો શૃંગાર,
સુખ મલે એનાથી નહી નાથમાં લગાર.

દાસી—પતિવ્રતાનો ધર્મ તજી કાં રમો છો જાર,
સ્વામિ આપનો જે છે તે આપનો આધાર
કુલ સઉ આપનાં એ જાણશે જેવાર,
કુળ મારૂ ખોદી તમોને મારશે તેવાર.

રાગ સીંધાનો કાહાન્ડો.

વગર વિચાર્યું વદે શું ઓ દાસી, પ્રીત કરી મેં તુજપર ખાસી
જુદાઈ નથી તુંથી સાફ કહ્યું મેં, લાવ મારો તું એ મદન વીલાસી.
નાજો કહી મને કરશે ઉદાસી, જનમ સુધી હું રાખીસ ઉદાસી—

ગજલ.

દાસી— ( ઈન્દ્રસભામાં ગવાતી ઢબની. )

આજ્ઞા શીર છે માદરે કોપ કરોમાં બાઈ,
મુખ સંગાથે ચિતડો દેહ વિષે દુઃખદાઈ;
માલવ પતિ એરાજમાં જ્યાં વસી રહે ચતુરાઈ,
હું શાણી તે તજી કરી આન વિષે કાં ધાઈ.

પીંગળા—(કેટલુંક ભાષણ થયા પછી દાસી તેડવા જાય છે ત્યારે.)

રાગ બીહાગ ગજલ.

તેડવાને જાય છે તું મારો અશ્વ પાલ,
આવશે નહી એમ તુંથી એ ખરે તત્કાળ;
ખાવાની જો વાત કરી ભોજન કેરો થાળ,
આવશે એ લાલચે મળશે જો એવી ભાળ.

દાસી—શીખવોમાં બાઇ છઉં આપનું હું દીલ,
જાણું સૌ જુગિત પછી નહી કરૂં હું ઢીલ;
સોગત મને છે આપની નહી બોલવે ખખીલ,
લાવીશ ખચીત બાઇ રાખો ધીરજની સીલ.

દાસી—(અશ્વ પાલને તેડવા જાય છે ત્યારે રસ્તામાં વિચાર કરતી જાય છે.)

રાગ આશા ગોડી.

મદન વ્યથા પ્રભુ ભારી આહા ઇશ મદન વ્યથા પ્રભુભારી,
જગપતિરાજ નૃપતિએ ભારે, એ પર નહી પ્રિત સારી—આહા.

ત્રાસે મુક્તી ચાહે આને તોપણ આ અશ્વ પાળની પ્યારી—આહા.
ફૂટ પડજો ઓ રાણી તું પર—દુષ્ટ બની તું વિકારી—આહા.
( શાંન્તિરામ રાજાને અમર ફળ આપવા આવે છે ત્યારે આશીર્વાદ આપતો આવે છે. )

ત્રોટક.

નૃપતિવર માલવ દેશ તણા, સુખ પામો અતીશે દીન ઘણા,
અખંડિતરાજ તમારૂ રહો આશિશ મુજ આ ફળિ ભૂત રહો;
ધનવાન બનો બહુ પુત્ર વળી આ રાજ તમારૂં રેન ઢળી,
પ્રજાનું કરો નિત પાલનરે નીતિ ન્યાય સદા તુજ સંગ રહે.

ભર્તૃહરી— ( રાણીને અમર ફળ આપતી વખતે )

રાગ.—ઝીંઝોટી જંગલો.

( પનીયાં મંએ કયેસેં તો ભરૂં છોટ્રી નણદીયાં—એ ચાલ.)

ફળ તું જોને વાલીરે—મલ્યુ વિપ્રથી—ટેક.
સ્નેહ કરી તું ખા મુજ પ્યારી-મૃત્યુથી રે નીરાલી રે—મલ્યું.
જે ખાયે હો નરકે નારી અમર એ ભાગ્યશાલી રે—મલ્યું.

પીંગલા.— નટકેદાર.

ધન્ય ધન્ય પીયું મારારે આરોગો આપ સ્નેહથી વાલા,
અમર આરોગી અમર થઇ ભોગી તખ્તે બીરાજો વાલા;
નાર અમર થઇ શું કરે સ્વામિ કરૂં હું કાલાંવાલા.

ભર્તૃહરી—રાગ ગોડીઆશા.

પ્રીતિ જડીમે તારાથી પ્રીયા મારી પ્રીતિ જડી છે તારાથી,
ક્ષણ નવ દેખું તુંને મુજ વાહાલી છુવાય રે નહી મારાથી—પ્રીયા.
વિયોગે દુઃખી સંયોગે સુખી હું રહું ધિમના એ ધારાથી—પ્રીયા.
થઈને અમર આપ્ય મુખ પ્રાણપ્યારી સમજી તું જા આપ્યારાથી-પ્રી.

પીંગલા— (રાજા ફળ આપી જાય છે ત્યાર પછી સ્વગત.)

### રાગ દેશ.

પ્યારો પ્રાણ જે, છે છબીલા રૂડો સારો. આપું ફળ તેને નિશ્ચે,
છેલ છબીલા અમર થઇ જાશે ભોગવશે સુખ ભોગ પ્યાર—પ્યારો.
પણ જોય આનું દીઠે રાણીને ઉઠે અંગમાં અંગાર—પ્યારો.

(પીંગલાના કહેવાની જાણકારી પોતાના ભાઇ વિક્રમાદીતને દેશની-
કાલ કરે છે ત્યારે વિક્રમાદીત બોલે છે.

**વિક્રમાદિત્ય—** આલની છંદ.

નહીં નારી નહીં કોઈ ત્યાગ વિચાર આણ્યો,
નહીં નારી નહીં ભ્રાતા મેં વ્યભીચાર જાણ્યો;
અરે આજે આહોરે હું અળખામણ થાઉં,
જાણ નથી આ ભક્તી હું દુખાઉં.

ગઝલ (ઇન્દ્રસભાની ઢબની.)
(તુમને મેરી આશકી મટ્ટી ખરાબકી.)

મનાવું પિયુની વાત ગોળો કાં ન વિચારી,
કહો સુરતી આપ આમ શી ગતે મારી.
પીંગળાના પતિ તતક્ષણ રીન સજી મારી,
તે છતાં પહેરો આ આમ શી ગતિ મારી.
સમુદ્રે કેમ જળ મુકી માઝાન વિદારી,
અગ્નિ નિવારે ગમે નહીં જળની જસવારી;
અંધકાર જહાં સુર્ય તિપે વાત ન સારી,
સિંહ તૃણ ન સુંઘે જાગ કદી ભૂખથી હારી;
શું! હંસ શાન છોડે ગુણ કાગની કારી,
સંત હાથથી દયા મુકે ન વિસારી;
પૂર્વે માગીએ ન સૂર્ય પશ્ચિમે જારી,

ન કાષ્ટ ડુબે રે સમુદ્રે આપને તારી,
નથી ગયો વત્સલ પ્રેમ માતનો ભારી,
ક્યા થકી થઓ વિચાર આપ વિકારી.

ભર્તૃહરી— (વિક્રમપ્રત્યે) ક્ષત્રી કલંક કેમ લેશેરે—એ રાહ.

હવે છોડ સૌ આ તકરાર—દુષ્ટ તું નહી ભાઈ મારોરે–ટેક.
તુંને જોઇને બળુ છું આ વાર—દુષ્ટ તું.
નીતિ રીતિ તણો ઢોંગ ધરાર—દુષ્ટ તું.
કહ્યા પ્યારીએ મને સૌ સાર—દુષ્ટ તું.
માત કહીને ચાહ્યો તે વ્યભિચાર—દુષ્ટ તું.
ધીક: ધીક: તુજ આ અવતાર—દુષ્ટ તું.
કાં તું મુવો નહી જનમતાં વાર—દુષ્ટ તું.
જ્યારે સમજ્યો ન સાર અસાર—દુષ્ટ તું.
મારી નાખું તો એ વળે ન કરાર—દુષ્ટ તું.
દેશવટો દઊં તુને નિરધાર—દુષ્ટ તું.

લાવણી.

( અધમીચ મોબત તોડી બે દરદી દીવાના—એ ચાલ )

ભાઇ ભર્તૃહરી તમે વિચારી, કોપ કરો હું પર,
નહી અપરાધી ( ૨ ) દાસ છઊં હું તો કીંકર;
પિતા તુલ્ય છો ( ૨ ) તજુ નહી નીતિ રીતિ,
માત સમજુ તમ પત્નિ ક્યમ વરૂં કહો અનીતિ;
વચનબાણુ ન મારો ( ૨ ) મારો ગુપ્ત ન મારો,
પસ્તાસો પાછળથી ભ્રાતા, માટે વિચારો;
ધર્મ પાંડવનો ( ૨ ) લક્ષમણને જ્યમ રામ સાથ,
તેમ સરસ મુજ ભક્તિ સમજુ શું ભરો બાથ;

સેવાલાયક આપ ( ૨ ) પુજ્યુ છું મુજ મનથી,
છો બ્રહ્મનાસમ ક્યમ તમો ધાયા વિષય ભોગ તનથી;
નિશ્ચે હું જાણોં ( ૨ ) ઈજેણીમાં હવેથી ન રહું,
કુખ લજાણે માતની જો હવે રહેવાનું કહું;
ભૂલ્યા ભામામા ( ૨ ) ભારે ભભકાની સાથ,
છેવટ ફળ દેખાડશે સ્ત્રીચરિત્ર પરતાપ.

ગુણસુંદરી—વારાંગનાને અશ્વપાળ ફળ આપી જાય છે,
ત્યારબાદ ગુણસુંદરી દાસી સાથે વીચાર કરે છે)

ગુણસુંદરી— રાગ ખમાજ.

( ડોલેરે જોબન મદમાતી ગુજરીયાં—એ ચાલ )

આરે અમર ફળ આવ્યું તેનું શું કરવું નહી સુજેરે,
ખાવું કે રાજાને દેવું એ માટે મન મુંઝેરે—ટેક.
શું કરવું છે અમર થઇ માહારે આ અવતારે આવીરે;
સુખ તણી મગતા જે જીવું હું દે પ્રભુ મુજને સમાવીરે;
અમર થઇને અમર નીચ ધંધો શું કરવો છે મારેરે,
રાજા થાએ અમર એ સારૂં દઊં ફળ આ નિરધારેરે.

( રાજાની પાસે અમર ફળ આવે છે તે જોઇને )

ભર્તૃહરી—સ્વગત.

ગીતી.

પ્યારીની પાસેથી આ ફળ ક્યમ કરી ગયું હું મુંઝાઊં,
ગુણિકા પાસે ક્યાંથી આવ્યુ સમજું નહીને અકળાવું.

ભર્તૃહરી— ( રાણીનું કપટ જણાયા પછી કહે છે )

નારાયણ નરસીંહ નરોતમ પુરશોતમકો—એ રાહ.

ધ્યાન ધરૂં જેનું હું નીરંતર તે મુજથી અંતર રમેછે,

કામની ભોળી ભક્ષી નહી ભાળો ભવમાં ભમસોભારેરે
નારી નરસી નક્કી નિશ્ચે કામ થવે લાચારેરે—ધ્યાન.
નારી નરસી નક્કી નિશ્ચે, સરસી નહી તે થાશેરે;
ધીઃક કહું તે નરને હું તો, શ્રૃંગારે જે ફસાસેરે,
કામ વિષયના સુખમાં તે તો, મસ્ત બનીને રેશેરે;
તે નરતો ગડથલુજ ખાસે, મારી નારી કેશેરે;
નહી અબળા એ સબળા માનો નરની ઘાતક પુરીરે;
અંભેરી ઝુલાવો નાંખે, કપટે નહી અધુરીરે.

**ભર્તૃહરી—** ગજલ.

કએસા દગા દીયા તુને કમજાત પીંગળા,
દીયા ભાઈ જેસે ભાઇકો નીકાલ પીંગલા;
ઇમાનસે રહામે વો ઈમાન સે ગઈ,
જન્મપે મેરે દીયા દુરનામ પીંગલા;
કપટસે કહે હમકો પીયા આવ પીયા આવ,
ફેર કરતી અએસા જાર અભીચાર પીંગલા;
નિરદોષ મેરા ભાઇ મેરે રાજસે ગયા,
તેરે કામસે ભયા બહોત બદનામ પીંગલા.

## માલીની છંદ.

સત સત તારી શિક્ષા બંધુ વાણી,
સરસ સરસ જાણી આજ તે મેં વખાણી;
અગર સમજથી હાથ કાઢ્યો મેં ભાઈ,
અરર ભરથરી હાય ભુલ્યો કસાઈ.

**ભર્તૃહરી—** ( પોતાના મનમાં પશ્ચાતાપ કરે છે. )

## રાગ કાલીંગડો.

અીયકા ધીઃક ધીઃક કયો નહી હેવે
અબ નામ કયો ઉનકા લેવે—અીયકા.
ભોગ કીનો રંગ ભોગ રમાકે,
જોગ યે તગડે હેવે—અીયકા.
દુઃખ સાગર સંસાર ભયો મન,
કાહાં તહી દુઃખ સેવે—અીયકા.

## રાગ ઝીંઝોટી.

છોડદે માન ગુમાન ગુમાન સુન યે બાતમોરી—ટેક.
રાજ પાટમે ફસકે પ્યારે કયું કરતા અભિમાન—સુન.
નારી પ્યારી ખારી સમજ તું મતબન તું નાદાન—સુન.
છાંડ જગતકી જુઠી માયા, કયું હો તા બદનામ—સુન.
ઉપરકી સબ ખુબ બની હઐ ભીતર ડોલ દમામ—સુન.
છોડ સબી યે ચલ જંગલમે સ્મરલે સાંઈ નામ—સુન.
કયું સોતા હઐ નીંદમે પ્યારે આ જાહો આસાન—સુન.

(ભર્તૃહરી રાજનો ત્યાગ કરી જંગલમાં જાય છે ત્યારે પ્રધાન બોલે છે.

## ગજલ.

પ્રધાન—જાતે હો જોગી બનકે રાજા હમ કહાં જાવે,
આપ છોડકે જાવેં તો હમ ભીખ માંગ સોજાવે;
પ્યાર બોહોત દીલમે બિયોગ દુઃખસે સોસાવે,
બીન આપકે રૈયત સબિ દીલગીર હોજાવે;
સબિ રાણી હઐ ઉદાસ આપ ઉનકો સમજાવે,
સબિ હોગઐ બેચેન ચાહાતે દીલસે સમજાવે;
મત જાઐા હું મહારાજ હમ સંગાથ હોજાવે.

ભર્તૃહરી— રાગસહર.

રાજ યે જાય જાય સખિ દુનિયા બી જાય જાવે
હમ જાતે હુએ જંગલમે જહાં ભેખ લે જાવે;
થુડી હુએ ઔરત જાતકો કયું ઉનકો સમજાવે,
મત હોના ઉસકા પાસ બેહેતર ભીખ પીજાવે;
સગાલો રાજ નીતિસે ઇતનાહી કહે જાવે.

પીંગળા—લલીત છંદ.

પ્રાણનાથરે હું અનાથરે નિર્વિઘ્ન કર્મથી ડુબું નાથરે,
શીયળ ભાંગીયુ પાપ માગીયું સુખ પરે ખરે ખડક રાખીયું;
વિક્રમજીઅરે કયાં હશો ખરે કુમતિ હું થઇ કીધો દવેશરે.
અરરર તું સુખી બહુ થયો દુઃખી થઇશરે હજુ હાય કયાંસુધી;
સુરજ આંથ મે આહી આસમે માળવા સૌ ધાનનાં જમે.
થઇ ઉજ્જડારે આ ઉજ્જૈનીરે શું દશા થશે હાય તે નીરે;
પાપમાં પડી કાંતેં પ્રભુઘડી કાં નહી મુને મારી માવડી,
ડાગ મેં દીધો કુરરે કીધો વિખનો પ્યાલો મેં હાથથી પીધો;
કયાં હવે ફરૂં કયાં હવે મરૂં વગર મોત હું જીવી શું કરૂં.

દાસી લલિત.

શાન્ત બાઇથા કાંઇક ડાહીથા કલેશ છોડી ને તું મનાઇજા,
પુળ પેહેલથી પાળસેલથી ભોખી નહિ પછી શું છે કલેશથી;
કામ પાપ જે દુઃખ અમાપ છે શીયળને ખરે ઝવાળતાપ છે,
જોગીને જતી જ્ઞાનીઓ અતી ફરી ગયા થઇ કાગની મતી,
શું બીસાતમાં અબળા જાત જયા રહી પછી તમે થાઓ ખ્વાંરકા,
લેખ નહી ચુકે ભાવિનાં મુકે સત્યવાદી તે સાચવે દુઃખે,
આગમથી કીધી વાતના સિદ્ધી શું વળે પીડા દેહને દિધી.

**પીંગલા—** ( સોમિત્રી શોચનો ત્યાગ કરો હવેરે—એ રાગ. )

અંગાદમાં અંગારે ભગાવિ દીધી હાય,
અંગારથી અગારે ગગાવિ નીતિ હાય—ટેક,
દામણી એરીંગ કાપ નત્ર શેરો હાર;
તુળસી ઝરમર પાટી સાંકળી આ સાર—અંગાર
બંગડી સાંકળાં ટોડા વીંટી ઉડી જાઓ;
કાજળ ચંદન કુંકું આગે બળી જાઓ—અંગાર
અતલસ ચોળી કમખા સાડી જરીયાન,
રેશમી શાળુ ધાધરા બળજો નિદાન—અંગાર
રૂપમાં ને યૌવયનમાં મુકાજો અંગાર,
ચક્ષુ ફુટી જાજો ગારાં મુખને ધીઃકાર—અંગાર.
લાવો સ્વેત વસ્ત્ર ધરૂં પ્રિત પ્રભુ સંગ,
ભંગ થાઉ પાછલથી પેહેલ થાઉ ભંગ—અંગાર.

**દાસી—** ચાલ સદર.

મુકો આ જંજાળ આળ પંપાળ એ બાઇ.
પ્રભુ પદ પામવા વીચારો સરસાઈ—મુકો
ભક્તિ શુદ્ધ બુદ્ધથી પ્રભુની કરશો,
ખરેખર ભવ પાર તમો તરશો—મુકો.
ધર્યો જુવો માહારાજે આ ભેખ જોગનો,
મુકી દીધો અભિલાષ રંગ ભોગનો—મુકો.

**(ભતૃહરી ગોરખ પાસે ભેખ લેવા જાય છે અને ત્યા જોગીયો ગાયછે)**

**જોગીયો—** લાવણી.

**"ધરો નિરંજન ધ્યાન, નાથ તુમ ધરો નીરંજન ધ્યાન—ટેક."**
**સદા તુમ ભણો ભેખ કે ગ્નાન રટો તુમ ગુરૂ મંચ્છદર નામ—ના.**
**ફકડ તુમ કરો બુંટીયાં પાન સમાધી સુખકી લેની સાન—ના.**

## લાવણી.

**ભર્તૃહરી** (નીચેની લાવણી બોલતો રાણી પાસે આવે છે.)

**(સુકરીત કરના હોય સો કર લે કો જાણે કલકી)—એ રાગ.**

"દેખા નહી કછુ સાર, જગતમે દેખા નહી કછુ સાર";
મોહ વીશે મત લપટો યારો, દેખા નહી કછુ સાર—ટેક.
ચૌદ ચોકડી રાજ કીસે પન ત્રષ્ણાકા નહી પાર;
ભોગ ભોગ તે ઇન્દ્ર અપસરા ત્રસાં નહી લગાર.
ત્રસી નહી લગાર—જગતમે.
જુઠા રંગ રૂપમે ભુલી ક્રીડા કરત ગમાર.
રૂપ વીથે બલ નાશ હુવા તબ નહી હુએ આપની નાર.
નહી હુએ આપની નાર—જગતમે.
પ્યારી મેરી જાની પીંગલા હુય રહા એક નાર.
તોભી કીયા કૃતઘ્ની રાની અશ્વપાલ કુ યાર.
અશ્વપાલ કુ યાર.—જગતમે.
અદષ્ય બખ્તકા યેહી તમાશા દુઃખ હુએ અપરંપાર.
બેશક ઇસકા ત્યાગ કરો તુમ દૂર પસ્તાનાં યાર.
દૂર પસ્તાનાં યાર—જગતમે.
યેહી ભરથરી નાર ભરૂસે ભુલી હુવા ખુવાર.
એહી ભેખસે જગત શીખ દરી નવ હુબો સંસાર.
નવ ડુબો સંસાર—જગતમે.
મૈયા ભીક્ષા દે દે.

**(ભર્તૃહરી ભેખ ધારણ કરી રાણીઓ પાસે ભીક્ષા લેવા આવે છે. છે દરમીયાનમાં દાસી આવી વીનતી કરે છે)**

## ચાલ—મરસીયા.

( હાય વોયરે પાનીને ગમકા મચાયા )—એ રાહ.

હાય કેમ આ સહેસ્ત્ર અંતરનો કળાપો કોને જઇને કેશું આ બળાપોરે.
આળવાનો છો રક્ષણ હાર, સર્વોપરી છો રૂપના ભંડાર;
કરી અંગે ભભુતની શીંગારરે—હાય.
જુવો રૂવે આ કન્યા તમારી, પુત્રિ છે તમોને પ્રાણ થકી પ્યારી;
વીચારો હજુ છે કુંવારીરે—હાય.
સૌ શોકમય મહેલમાં દેખાય, ચારે બાજુ ઉદાસી વા વાય;
કહો કેમ હાય આમ થકી રેહવાયરે—હાય.
બાઇ પીંગલાને પાપે બુડાડી, એણે મારી નીજ પાયમાં કુંવાડી.
નાંખો બીજાને કાં તમે ઉડાડીરે—હાય.
અમીરી તનમાં ફકીરી ન છાજે જોઈ સેવક જન સૌ લાજે;
હાય અંતર અમારા આ દાઝેરે—હાય.
તુરો કલગી કયાં કહો કરી દુર, રહેલી સાથ સદા આપની હજુર;
આમ જોઇ કાળજ થાયે ચુરરે—હાય.
રાજા આમ નમેરા ન થાઓ, કૃપા કરી અમોને બોલાવો.
રહેમ ખાઇ રાજાજી આમ આવોરે—હાય.
ઝોળી ભગવી નાંખી છે માહારાજ ધેરૂ વસ્ત્રો ધર્યા છે હે રાજ.
હૈયે હોળી સળગાવી છે આજરે—હાય.
મુખ સુંદર આ ગ્લાનિ પામ્યું છે, સો ચીંતા એ મુખડુ વામ્યું છે.
તન મનુષ્ય મડુ થઇ જામ્યું છેરે—હાય.

પીંગલા—

(રાજા ગુરૂની આજ્ઞાથી રાણી પાસે ભીક્ષા માંગવા જાય છે ત્યારે રાણી માહારથી અલેક એવા શબ્દ સાંભળી રૂદનાલાપથી દાસીને કહે છે.)

## રાગ ભોપાલી કલ્યાણ.

ઢાર ખડા જોગીએ અલક જગાકે—ટેક
નિશ્ચે સ્વામી ભોગિ વિલાસી, આયે માગન ભભૂત લગાકે—ઢાર.

પીંગલા— સોરઠની ગજલ.

આએસા જુલમ સ્વામી કયું કર દીયા દીન નાર ગંએ ગમ ખ્વાર હું
આ બદનને સેવા લીની હએ આબ કયું કર સકેંગે વે સેવા આબ.
હાય કએસે દેખું મંએ આંખસે પેચરમોસે લાચાર હું—આબ,
કહુની બદન કી દેખકે ઓર સાથ સબ એ ભેખકે.
જસે આતશ દીલમેં બેહાલ હું જાનો દીલસે તુમપે નીસાર હું—આ.

## ચાલ ભરથરીની.

( જનુંની છબોરે ગોપીચંદની—એ રાગ. )

ધીઃક યૌવન ધીઃક રૂપને ધીઃક કામ વિલાસજી.
સત્ય સુકાવ્યું જેણે મુજને કર્યા નીચ આચારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
રંક છું રહેમ કરો સ્વામિ છઉં અજ્ઞાન નારજી,
કુળરે કુબાવ્યું માત તાતનું નહી કરૂં અન્યવારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તુહરી—પાપણી પાપી પીંગળા બોલે કપટી શું બોલજી,
તુજ કાજ રાજ સઉ તજ્યું કર્યો મેં તોલજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.
ખોટી તું ને ખોટું રાજ છે ખોટો સંસાર સંગજી,
જોગી થઇ જંગલ વાસો કરૂં છોડું રંગ પતંગજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.

પીંગલા—

રસોઇ કરૂં સ્વામિનાથજી જમીએ સાથે આધારજી.
ભોજન કરાવું ભાતભાતના ક્ષીર કરીને તૈયારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ઝુંપડી બાંધી દઊં જનાનામાં રાખું ગુપ્ત હું નાથજી,
કોઇરે જાણે નહી જગતમાં રેશું ભોગની સાથજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

શું કરૂં રાણી હું જનાનામાં કેમ રહું ગુપ્ત રીતથી,
સરસ ભોજનને હું શું કરૂં જોગને ભોગ પ્રીતથી,
ભીક્ષા દેને મૈયા પીંગલા.
જંગલનો જોગી હું હવે નહી ગામમાં વસાયજો,
ઝેર રેલાથી હું અળગો રહું નિશ્ચે રહેથી ફસાયજો;
ભીક્ષા દેને મૈયા

પીંગલા—

નહી નહી નાથ આવું વદો ના કરો નીરાધારજી,
લઇ વેશ હું પણ સાથે ફરૂં છે તમારો આધારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
જોઉં સ્વામિ જોગી વેશમાં ઝગ ઝગ બળું લાયજી:
મૈયા કહો ન મારા રાજવી ઝાળ નહી એ ઓલાયજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

બસ બસ જાવ તું બોલમાં, શું કહું મુજ મુખજી,
માવતો તજ્યો મેં તુજ કારણે, બહુ થાય દીલ દુઃખજી;
રાજને રાણી હવે શું કરૂં.

પીંગલા—

આ અરધ દેહ રહી હવે ઉઠે અંગમાં આગજી
મદને મારી નાંખી જીવથી, નથી બચવાનો લાગજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
ઝુંડારે વીંધાતા જુએ જુલવી, મારી જબરી પછાડજી,

કેમ પાપ મુક્ત થઇ રહું, આપો માગ લગારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
ભાઇ મા જાયો લઘું વિક્રમ, શું ધ આદીત પ્રતાપજી,
નીચ નીંદાવ્યો નાહક તે, બળુ ઝળ ઝળ તાપજી;
રાજને રાણી હવે હું શું કરં.

પીંગલા—માલવ પતી સમજો મન વિષે, અન્ય ત્રણુસો છે નારજી
એકને માટે સઉને નાં તજો, પીંગળાને ધીઃકારજી.
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—છોડોદે મોહ સંસારનો, કર સત સંગે મનજી,
સગુરે સંબંધી નથી કોઇનું. ખોટો સરવનો રંગજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.
દેદે મને તુ ભીક્ષા હવે, નહીતો ઘર છોડી જાઉજી,
સ્વામી મારા મને કોપશે, નહી ખોટી હું થાઉજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.
નાઓ ગંગા કાંઠે ઘર કરી, જેથી સફળ સંસારજી
ધર્મ નીયમ વ્રત પાળજો, થશે એથી ઉધારજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.
(રાણી ભીક્ષા આપે છે તે લઈ બીજી રાણી પાસે જાય છે )
મૈયા યશો માલતી ભીક્ષા દે દે,

યશોમાલતી— ચાલ—સીતાજીના મહીના.
ક્યાં ચાલ્યા મારા પ્રાણ આધાર કરી કેહેર વનવિષે,
હું સ્વામી છઊં પતિ વ્રતાનાર બળુ બહુ મન વિષે;
હજુ હું છઉ બાળે વેશ બાળા પ્રાણનાથજી.
તમો તર છોડોમાં આધાર ગ્રહી મુજ હાથજી;
કોની આશ ધરી હું નીચસી મહાકુ કો કંથજી.
પ્રીયા કહીને જે બોલાવનાર ચાલ્યા વન પંથજી

ભર્તૃહરી— છંદ માલીની.

નહી નહી તારો દોષ કંઈ છે લગારે.
હર હર દુઃખ ઘરમાં મોહમન રાખી પ્યારે;
તજી મુજ આશા નાથનાં કે ઉ ચારે
નહી નહી સ્વામી જોગી ઉભો છે ધ્વારે.
નરતન હારે નારને કેમ ચાઉ,
ફુટ ફુટ નારી જાત જુતી લગાઉ,
અલખ જગાવી અંગ વિભુતિ લગાવી,
જગત જન છાંડી રઉ સમાધી જમાવી.

કમલાક્ષ—ગેંદી મલકે મેરા તુરકે સીતમ જાદ આયા—એ ચાલ.

ન જાઓ સામ મારા અહીં મુને તર છોડીને,
છઉ સુહાગણુનાર વિધવા નાં કરો તમે છોડીને;
વચન કાં વિસરી ગયા, આવું છું હું કહ્યું પ્રોયા,
જોગી સ્વરૂપ ભુપ ધારી આવ્યા કાં સ્નેહ છોડીને.
ના રીબાવો નાં સતાવો નાથ નાં નમેરા થાઓ.
ઝુરી ઝુરી વિયોગમાં મરીશ હું જીવ છોડીને.

ભર્તૃહરી શીખરણી.

વદોનાં એ વાણી મરમ વચનથી મુખ થકી,
અરે તુંતો મૈયા ચતુર બનછકાં મન અતી;
મટયો તારો સ્વામી અબધુત જોગી ગુરૂ થકી,
રહું તેનાં ચરણે મરણનો મન નહી ભય નકી.

છપ્પો.

મોહ છાંડીને નાર રટણ કર રમણ પતીનું
શોક ધરી તુ મન વિષય તજ પ્રેમ થકી તું;
લે માળા કરમાય ભજન કર ગુરૂ ચર્ણોનું,
થઇ જાશે ઉદ્ધાર કરજ નહીરે મર્ણોનું.

સફળ કારજ તવ થશે. ધ્યાન ધરીશ ગુરૂરાજનું,
જગત સુખ સ્વપ્ન જગ સમજ વચન મહારાજનું.

રાણી ચંદ્રકળા— ઈંદ્રસભાની ચાલ.

( જફાઓ સીતમકી સજાવાર હું—એ રાહ )

ભલે જાવો જંગલવિષે પ્રાણાધાર,
મને મારીને સુખે જાઓ નીરધાર;
સુંદર કાયે શોભે ન જોગી વેશ સાર,
એકાએકનાં છોડો જીવન હાર;
નથી કાંઇ વાંક અમારો આધાર,
છોડો એક કાજે ન નિર્દોશ નાર;
લીયો સાથ જોગણ બનું હું આવાર,
ગ્રહો હાથ નાં છોડો હે સરદાર;
પતિ પ્રાણનાથ વગર મારે માર,
જીવતે જીવતમાં રો અંગે અંગાર.

ભર્તૃહરી— માલીની છંદ.

હરહર નિશ્ચે નહી ફરે નહી ફરે રે,
જગત સૌ છોડયું શીદ વાતો કરે રે;
તજતજ વિષની વેલીને કાં વરે રે,
રટણ કરે પ્રેમે સીધ તેથી સરે રે.

(રાણીઓ પાસેથી ભીક્ષા લઇ ભર્તૃહરી જાય છે, દરમીયાનમાં
તેની દીકરી રોતી કળકળતી તેને વળગી પડે છે.)

કૃષ્ણાકુમારી— (જફાઓ સીતમકી—એ રાહ.)

અરે બાપુ આ શું કીધો મન વિચાર,
જોગી વેશ શાને ધર્યો કો આ વાર;
ગઇ માતા સ્વર્ગે તમે જાઓ સાર,
કોની ઓથ ઓર માન મા નીરધાર;
નમેરા ન થાઓ દયાળુ લગાર,

છોરૂં પર રાખો પીતા કંઈ પ્યાર;
લડાવ્યોજી લાડ તમારો આધાર,
બન્યુ કોણુ કેશે છતી નીરાધાર;
કુંવારી પીતા હું હજુ નાનું બાળ,
વરાવી નથી જોગી થ્યા સુકીવાલ;
ન બાપી ન બાપુ કરી જાશોરે,
નહીં જીવું હું તો જોગી થાશોરે.

## રાગ ભૈરવી.

પીતાઓ મારા પ્યારા સુણી દીન પુત્રી હુંજી તમારી,
તજીને પ્યાર ભગવારે કીધાં કોણુ પ્રોતે હેને દો;
પરણાવશે હુંજી કુંવારી પીતા મારા પ્યારા શુંણો,
મરી ગઇ છે મા તમારી જાઓ આપ જીવી શકુ કેમ;
હેત બાપુ તમારૂં ભારી પીતા મારા પ્યારા સુણો
પુત્રીની અરજ ધરો ઉર વિષે સંચરો છો પીતા કંઇ દીશે;
મુજને વિસારી—પીતા મારા પ્યારા સુણો.

( બાદ તમામ પાત્રો ગણી સભાની રજા માગે છે. )

## રાગ કલ્યાણ.

સભા જનો તમો સુધારીગો સમો,
માન આવવાથી ઉપકારી થ્યા અમો;
નહી જ્ઞાની અજ્ઞાની જનજે ભજવે આવો ખેલ,
ભુલ ચુક બધેય ભરેલી ખોડ ખાંગીની રેલ—સભા.
હંસગતી અહીં કરો અમારી પરીક્ષા જોનાર;
માફી બક્ષો સાહેબ અમને કરો વધુ ઉપકાર—સભા.
નીતીદર્શક નાટકમંડલી ભજવે આ જે ખેલ,
ફરી પધારો જોવા કાજે હવે પધારો સેલ—સભા.

**સમાપ્ત.**

# જાહેરખબર.

## વાજીંત્રો શીખવાનાં પુસ્તકો.

કન્સરટીના ચાવી બુક (ભાગ ૧ લો.)

**કીમ્મત ત્રણ આના.**

---

ફિડલ ગાઈડ (ભાગ ૧ લો.)

**કીમ્મત ત્રણ આના.**

---

એકોરડીઅન ચાવી બુક (ભાગ ૧ લો.)

**કીમ્મત ત્રણ આના.**

---

હારમોનીઅમ ગાઈડ (ભાગ ૧ લો.)

**કીમ્મત ત્રણ આના.**

**છપાવી પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર**
**જમનાદાસ ભગવાનદાસ કુંપની,**
**ઠેકાણું:—ભુલેશ્વર–મુંબાઈ.**